Seat No. : ______________

# MA-126

**March-2019**

**M.A., Sem.-I**

**401 : Gujarati**

**પ્રશિષ્ટ કૃતિઓ**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. (અ) 'પ્રશિષ્ટ' એટલે શું તે સમજાવી, પ્રશિષ્ટ કૃતિની વિભાવના સ્પષ્ટ કરો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (બંને)

(1) પ્રશિષ્ટ કૃતિના લક્ષણો.

(2) ટી.એસ. ઍલિયટનો પ્રશિષ્ટ કૃતિ અંગેનો ખ્યાલ ચર્ચો.

(બ) નીચેનામાંથી કોઈપણ **ચાર** પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : **4**

(1) 'પ્રશિષ્ટ' કયા અંગ્રેજી શબ્દનો પર્યાય છે ?

(2) ટી.એસ. ઍલિયટે પ્રશિષ્ટ કૃતિના મુખ્ય કેટલા લક્ષણો ગણાવ્યા છે ?

(3) ટી.એસ. ઍલિયટના મતે 'પ્રશિષ્ટ' એટલે 'પરિપક્વ' કે 'પ્રૌઢ' વિધાન ખરૂં છે કે ખોટું ?

(4) કોઈપણ એક ગુજરાતી ભાષાની પ્રશિષ્ટ કૃતિનું નામ આપો.

(5) માનસિક પરિપક્વતા માટે ઈતિહાસની સંપ્રજ્ઞતા અનિવાર્ય છે. વિધાન ખરૂં છે કે ખોટું ?

(6) ટી.એસ. ઍલિયટના મતે ભાષાની કે શૈલીની પરિપક્વતા પ્રશિષ્ટતાનો અનિવાર્ય ગુણ છે. વિધાન ખરૂં છે કે ખોટું ?

2. (અ) નરસિંહ મહેતાનાં પદોની વિશેષતા-મર્યાદા સદૃષ્ટાંત જણાવો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (બંને)

(1) નરસિંહ મહેતાનાં કૃષ્ણ-સુદામાના પદ

(2) નરસિંહ મહેતાનાં ભક્તિ-બોધના પદ

(બ) નીચેનામાંથી કોઈપણ **ચાર** પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : **4**

(1) 'મરમ-વચન કહ્યાં ભાભીએ હુંને' – પદનો પ્રકાર જણાવો.

(ક) આત્મવૃત્ત (ખ) કૃષ્ણ-સુદામા

(2) 'ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહીં રે,' – પદનો પ્રકાર જણાવો.

(ક) ભક્તિબોધ (ખ) કૃષ્ણ-બાળલીલા

(3) 'નરસિંહને પોતાની કથા કહેવામાં રસ નથી,તે તે પ્રસંગે પ્રભુતા કેવી પ્રગટે છે એ ઉપર જ તેનું ધ્યાન છે.' – વિધાન કયા વિવેચકનું છે ?

(4) 'નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો ?' પદનો પ્રકાર જણાવો.

(5) 'ધાઈ લીધા હરિ, મુષ્ટિ તાંદુલ ભરી,' પદ કૃષ્ણ-સુદામા વિષયક છે. – વિધાન ખરૂં છે કે ખોટું ?

(6) 'ઓ પેલો ચાંદલિયો, મા ! મને રમવાને આલો,' – પદ કૃષ્ણ-સુદામા વિષયક છે. – વિધાન ખરૂં છે કે ખોટું ?

3. (અ) નવલકથાના ઘટકતત્ત્વોને આધારે 'સરસ્વતીચંદ્ર' ભાગ-1ની સમીક્ષા કરો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (**બંને**)

(1) 'સરસ્વતીચંદ્ર' ભાગ-1ના નારી પાત્રો

(2) 'સરસ્વતીચંદ્ર'નું પાત્રાલેખન

(બ) નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : **3**

(1) વિદ્યાચતુર કઈ નગરીનો પ્રધાન છે ?

(2) 'સરસ્વતીચંદ્ર' ભાગ-1ની પ્રથમ આવૃત્તિ સાલ જણાવો.

(3) 'સરસ્વતીચંદ્ર' ભાગ-1નું શીર્ષક જણાવો.

(4) 'સરસ્વતીચંદ્ર'ના ભાઈનું નામ જણાવો.

(5) 'ભણેલાએ પરણ્યા પહેલાં છોડી-વગર ભણ્યાએ પરણીને છોડી !' – વિધાન કોણ બોલે છે ?

4. (અ) નાટ્યકૃતિ તરીકે 'રાઈનો પર્વત'નું મૂલ્યાંકન કરો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (**બંને**)

(1) જાલકાનું પાત્રાલેખન

(2) 'રાઈનો પર્વત' શીર્ષકની યથાર્થતા

(બ) નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : **3**

(1) 'રાઈનો પર્વત' નાટકના કેટલા અંક છે ?

(2) પર્વતરાયની પત્નીનું નામ જણાવો.

(3) રાઈ કોની સાથે લગ્ન કરે છે ?

(4) રાઈનું મૂળ નામ જણાવો.

(5) કનકપુરના રાજા રત્નદીપદેવનો વધ કરીને કોણ ગાદી પચાવી પાડે છે ?

---